# સંવત ૨૦૭૩નું રાશિવાર ભવિષ્ય

પરિસ્થિતિનો સામનો કરવો જરૂરી બને.

વર્ષારંભે કેતુ તમારા દસમા કર્મસ્થાને રહે છે. જે ધંધા વ્યવસાયિક તકલીફો રાખે. તે વધુ મેળવવા જતાં આવેલ ચાન્સ ગૂમાવવો પડશે. સ્થાવર બાબતે ખરીદ-વેચાણ અંગેની તકલીફો આવે. 'વાવશો તેવું લણશો' તે કહેવત મુજબ અહીં ફળ મેળવશો માટે યોગ્ય વિચારપૂર્વક કાર્ય કરવું. સાહસિક કાર્યોમાં સંભાળવું. કોઈ ખોટા કાર્યોમાં ન ફસાઈ જવાય તેની કાળજી રાખવી.


તા. ૧૭-૮-૨૦૧થી રાહુ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને આવશે. જે તમને આશાવાદી બનાવશે. જીવનમાં આગળ આવવાની તક મળે. આકસ્મિક લાભના યોગ બને. મહેનતનું યોગ્ય ફળ મળતું જણાય. આત્મવિશ્વાસ વધે. નોકરિયાત વર્ગને અનિશ્ચિત પરિવર્તનના યોગ બને. ભાઈ-ભાંડુ સાથે મતભેદો રહે. સાહસિક કાર્યકર્તાઓને સફળતા સારી મળે. અંગત જવાબદારી નિભાવવામાં તમે પાછા પડતા જણાવ. તમને અહીં મળતી નક્કર સફળતાનો મુખ્ય આધાર ભાગ્ય પર છે. નોકરિયાત વર્ગને બઢતી અંગેના ચાન્સ સારા મળે. સમય પારખવાની ભૂલ કરશો તો ઘણું ગુમાવવું પડશે.

તા. ૧૭-૮-૨૦૧૭થી કેતુ તમારા નવા ભાગ્યભાવે આવશે. જે ભાગ્યવૃદ્ધિમાં અવરોધો લાવે. આર્થિક દૃષ્ટિએ સમય તકલીફોવાળો પસાર થાય. યાત્રા મુસાફરી કષ્ટદાયી નિવડે. ધાર્મિક કાર્યોમાં મુશ્કેલી ઉભી થાય. મહેનત-પરિશ્રમ છતાં સફળતા નહીંવત મળે. આશા નિરાશા જેવા તડકા છાયાનો અનુભવ કરશો. શારીરિક તકલીફોથી સંભાળવું.

● સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી જણાય. સંતાનની પ્રગતિ થાય. આંતરિક-શારીરિક તકલીફો વધુ રહે. પડવા વાગવાથી સંભાળવું. નોકરી કરતી સ્ત્રીઓએ સાવચેતી રાખવી. અણગમતા વાતાવરણને કારણે તમે વ્યસ્ત બનશો. વિવેક અને મર્યાદા જાળવવી જરૂરી બને. નાણા તેમજ શકિત વેડફાતા જણાય. સ્થાવર અંગેના કાર્યોમાં રૂકાવટો આવે. આર્થિક પ્રશ્ને સંભાળવું. ધાર્મિક કાર્યો સારા થાય. ભાગ્યવૃદ્ધિના કાર્યો પૂર્ણ ન થાય.

● વિદ્યાર્થીઓ માટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ ગણાય. આત્મવિશ્વાસથી લીધેલ નિર્ણય સફળતા અપાવે. ઉચ્ચ ડિગ્રી માટે વધુ પરિશ્રમની જરૂર જણાય. શારીરિક તકલીફોના કારણે અભ્યાસમાં પાછા પડતા જાવ. ઈતરપ્રવૃત્તિથી દૂર રહેવું તમારા માટે જરૂરી છે. કયારેક સામાન્ય નિરાશા મેળવશો. અભ્યાસ અર્થે વિદેશ જવાની તમારી ઈચ્છા પૂર્ણ થતી જણાય. અભ્યાસ બાબતે પરિવર્તન થાય.

## (૩) મિથુન રાશી : (ક.છ.ઘ.)




વિ.સં. ૨૦૭૩ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા ચોથા સુખભાવે રહેતાં તા. ૧૨-૦૯-૧૭થી તમારા પાંચમા સ્થાને આવશે. શનિ વર્ષારંભે તમારા છઠ્ઠા સ્થાને રહેતાં તા. ૨૬-૦૧-૨૦૧૭થી તમારા સાતમાસ્થાને વશે. વળી પાછો વક્રી થઈ તા. ૨૦-૦૬-૨૦૧૭થી તમારા છઠ્ઠા સ્થાને આવશે. વર્ષારંભે રાહુ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને અને કેતુ તમારા નવમા ભાગ્યભાવે રહેતાં તા. ૧૭-૦૮-૨૦૧૭થી રાહુ તમારા બીજા ધનસ્થાને અને કેતુ તમારા આઠમા સ્થાને આવશે.

વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા ચોથા સુખસ્થાને રહે છે. અંગત સુખ સાહ્યબીમાં વધારો થાય. આ સમયનો પુરુષાર્થ તમને નવીન પ્રેરણા આપશે. ભૌતિક સુખ સાધનોની પ્રાપ્તિ સારી થાય. નાણાં મેળવવાની સફળતા મળવા છતાં તમે બચત ન કરી શકો. પરિવારની આવકમાં વૃદ્ધિ થાય. સ્થાવરની વૃદ્ધિ થાય. તમારામાં અહંકારની વૃદ્ધિ થાય. માતા તરફથી લાભ થાય. તમારો આત્મવિશ્વાસ દૃઢ બનતો જણાય. પારિવારિક સંપત્તિમાં વૃદ્ધિ થાય. સુખ શબ્દના સંદર્ભમાં ઘણું બધુ મેળવી તમે બર્હિમુખી બનશો. કર્મની માયાજાળમાં બંધાતા જશો. અહંકારથી મુકત રહી શકશો તો ઘણું ગુમાવવામાંથી બચી શકશો. લખાણ કે દસ્તાવેજ સંબંધી કાર્યોમાં સંભાળવું.

તા. ૧૨-૦૯-૨૦૧૭થી ગુરૂ તમારા પાંચમા સ્થાને આવશે. આર્થિક જવાબદારી પૂર્ણ કરી શકશો. ધાર્મિક યાત્રા મુસાફરીના યોગ બને. મહત્વના કાર્યો માટેની સાનુકૂળ તકો મળે. શેર સટ્ટાકીય કાર્યોમાં સાવચેતી રાખવી. સંતાનોને ઉચ્ચ ડિગ્રી માટે વિદેશ જવાની તકો મળે. આર્થિક પરિવર્તનની નવીન તકો આવે. ધાર્મિક કાર્યો સારા થાય. આર્થિક જવાબદારી પૂર્ણ કરવા તમારે વધુ પરિશ્રમની જરૂર જણાય. નોકરિયાત વર્ગને ઉચ્ચપદની પ્રાપ્તિ થાય. કૌટુંબિક શુભ માંગલિક કાર્યો થાય. વ્યવસાયિક મુસાફરી પ્રગતિકારક નિવડે. સાહસિક કાર્યોમાં સફળતા સારી મળે. તમારા વિચારોમાં પરિવર્તન અનુભવશો. આકસ્મિક લાભની અનેક તકો આવે.

વર્ષની શરૂઆતમાં શની તમારા છઠ્ઠા રોગ-શત્રુસ્થાને રહે છે જે અનુકૂળ નથી. આંતરિક-માનસિક અશાંતિ રહે.મોસાળ પક્ષને લગતી તકલીફો રહે. આર્થિક પ્રગતિ મંદ થતી જણાય. અંગત વ્યકિત દ્વારા વિશ્વાસઘાતના યોગ બને. લાલચથી દૂર રહેવું. નહીંતર ફસાઈ જવાના પૂરા યોગ છે. સારું એવું મેળવવા છતાં તમને અંતરમાં અપૂર્ણતાનો અનુભવ થશે. આરોગ્ય બાબતે નકારાત્મક ફળ મેળવશો. આર્થિક લાભ મળવા છતાં તમે તેનો યોગ્ય લાભ ન મેળવી શકો. માનસિક ટેન્શન રહે. આકસ્મિક લાભ મળવા છતાં તમે આર્થિક કમી દૂર ન કરી શકો.

તા. ૨૬-૦૧-૨૦૧૭થી શનિ તમારા સાતમા સ્થાને આવશે. જે આંતરિક જીવનમાં અશાંતિ રાખે. દામ્પત્યજીવન સંબંધી ઘર્ષણો રહે. પરિસ્થતિને અનુરૂપ થતાં શીખવું પડશે. કોર્ટ કચેરીના કાર્યમાં અપયશ મળે. ભાગીદારીના વ્યવસાયિકોને મતભેદો કે ભાગીદારી છૂટી જવાના યોગ બને. અવનવી યોજનાઓ દ્વારા તમારી પરેશાની વધે. વડિલવર્ગ સંબંધી ચિંતા રહ્યા કરે. આપનામાં પરોપકારી વૃત્તિનો વધારો થાય. આધ્યાત્મિક બાબતે આપ આગળ વધશો. વ્યવસાયિક મુસાફરી તકલીફ કર્તા નિવડે. તમો તમારી ધારણા પ્રમાણેની નાણાંકીય પ્રાપ્તિ ન કરી શકો.

તા. ૨૦-૦૬-૨૦૧૭થી પાછો વક્રી શનિ તમારા છઠ્ઠા સ્થાને આવશે. નોકરિયાત વર્ગે સંભાળવું. ધંધાકીય મુસાફરી અગવડભરી નિવડે. અનેક નવીન તકો આવવા છતાં તમે તેનો લાભ ન લઈ શકો. ખાનપાનની મર્યાદા નહીં જાળવો તો પાચનશકિત સંબંધી તકલીફો ઉભી થાય. આર્થિક વ્યવહાર કરકસરવાળો નિવડે. તમે અંગત રીતે વિશેષ જવાબદારી નિભાવી શકશો. તમારી વધુ પડતી મહત્વાકાંક્ષા મુશ્કેલીમાં મૂકી દે. આર્થિક લાભ અંગેના કાર્યો નિષ્ફળ નિવડતા જણાય. માનસિક અસ્વસ્થતા વધુ પરિશ્રમકારક નીવડે. તમારા 'સ્વ'ને ખંડિત થતું જોશો. હિતશત્રુઓમાં વધારો થાય. ધીરધારનો ધંધો કરનારે સાવચેતી રાખવી.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા ત્રીજા પરાક્રમ સ્થાને રહે છે. જે ભાઈ ભાંડુ સંબંધી નાની મોટી તકલીફો રાખે. નાણાંકીય પ્રાપ્તિ માટે તમારું નવીન યોજના તરફનું આકર્ષણ વધતું જણાય. ધનપ્રાપ્તિના આકસ્મિક યોગો બને. મિત્ર વર્ગ સંબંધી નાની મોટી તકલીફો રહે. ભાઈ ભાંડુ સાથે વિચારોમાં ઘર્ષણ રહે. નોકરિયાત વર્ગને અનિશ્ચિત પરિવર્તનના યોગ બને. સાહસિક કાર્યકર્તાઓને અનિશ્ચિત પરિવર્તનના યોગ બને. પારિવારિક જવાબદારીમાં વધારો થાય. હિતશત્રુઓ પર વિજય પ્રાપ્ત થાય. ભાઈ ભાંડુ સાથે અણબનાવ રહે. અહીં મળતી સફળતાનો આધાર પુરુષાર્થ કરતા ભાગ્ય પર વધુ છે. આરોગ્ય સંબંધી અનેક તકલીફો રહે.

વર્ષની શરૂઆતમાં કેતુ તમારા નવમા ભાગ્યભાવે રહે છે. જે ભાગ્યવૃદ્ધિમાં અનેક અવરોધો લાવે. વ્યવસાયિક મુસાફરી કષ્ટદાયી નિવડે. ધાર્મિક કાર્યોમા વિઘ્નો-રૂકાવટ આવે. આધ્યાત્મિક કાર્યો સારા થાય વિઘ્નો-રૂકાવટો બાદ કાર્ય સફળતા મળે. આંતરિક-માનસિક ટેન્શન તમને શારીરિક તકલીફો વધારે. આધ્યાત્મિક ભાવના સારી રહે. આશા નિરાશા જેવા તડકા-છાયાનો મિશ્ર અનુભવ કરશો. હારની બાજીને જીતમાં પલટાવવાની કોશિષ કરશો. ધાર્મિક યાત્રા મુસાફરી કષ્ટદાયી નિવડે.

તા. ૧૭-૦૮-૨૦૧૭થી રાહુ તમારા બીજા ધનસ્થાને આવશે. જે કૌટુંબિક અનેક તકલીફો લાવે. પરિવારના સભ્યો નાણાંની અછત અનુભવે. તમારા ક્રમમાં કઠોરતાનો ઉમેરો થાય. આરોગ્ય બાબતની અનેક તકલીફો રહે. વડિલવર્ગની તબિયતની કાળજી રાખવી. કોર્ટ કચેરીને લગતા કાર્યોમાં સંભાળવું. ઈચ્છિત કાર્યની પૂર્તિ માટે ગેરમાર્ગે દોરવાઈ ન જવાય તેની કાળજી રાખવી. સાહસિક કાર્યકર્તાઓને અવરોધો આવે. કાનૂની જવાબદારી તમારી અસ્વસ્થતામાં વધારો કરે. અહીં તમારે આપસી સંબધીઓની મર્યાદા બાંધવી પડશે. આરોગ્ય અને નાણાંની ખેંચ વચ્ચે તમે ગૂંગળામણ અનુભવશો. પારિવારિક જવાબદારીનો બોજો વધતો જણાય.

તા. ૧૭-૦૮-૨૦૧૭થી કેતુ તમારા આઠમે આવશે. જે આંતરિક-શારીરિક અનેક તકલીફો વધારે. પડવા-વાગવા, અકસ્માત કે શસ્ત્રક્રિયાના યોગ બને. દસ્તાવેજ સંબંધી કાર્યોમાં ફસાઈ ન જવાય તેની કાળજી રાખવી. ચિંતાઓની ગહેરાઈ તમને નિશ્ચિતતાથી જીવવા નહીં દે. અનૈતિક અને અસામાજિક સંબંધોમાં તમે અટવાયા કરશો. આકસ્મિક બિમારીના યોગ બને.

● સ્ત્રીઓ માટે : સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. પારિવારિક તકલીફોથી સંભાળવું. નોકરી કરતી સ્ત્રીઓ માટે સમય વધુ કષ્ટદાયી ગણાય. આરોગ્ય અંગેની અનેક તકલીફો ઉભી થાય. યાત્રા પ્રવાસમાં મુશ્કેલી આવે. આર્થિક ટેન્શન તેમજ જવાબદારી રહે. વ્યવસાયિક કાર્યો કરતી સ્ત્રીઓ માટે સમય સંભાળવાનો છે. વડિલોપાર્જીત ધનસંપત્તિના પ્રશ્ને વિલંબ બાદ સફળતા મળે. શારીરિક તકલીફોથી સંભાળવું. પિત્ત વાયુ પ્રકૃતિના રોગોથી સંભાળવું. કાનૂની સમસ્યાઓથી સંભાળવું. આર્થિક તેમજ શારીરિક તકલીફો વધતી જણાય. નાણાંકીય બાબતે છેતરાઈ ન જવાય તેની કાળજી રાખવી. નોકરી કરતી સ્ત્રીઓને ઉપરી વર્ગ સાથે મનદુ:ખના પ્રસંગો બને.

● વિદ્યાર્થીઓમાટે : વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મિશ્ર ફળદાયી ગણાય. વિદ્યા પ્રાપ્તિ માટેના તમારા પ્રયત્નો પૂર્ણ સફળ થતાં ન જણાય. ડિગ્રી મેળવવા તમારે તનતોડ મહેનત કરવી પડે. દૃઢ મનોબળ રાખવું જરૂરી બને. તમારો આત્મવિશ્વાસ જ તમને સારી સફળતા અપાવશે. ઈતરપ્રવૃત્તિ તરફ ધ્યાન કેન્દ્રિત ન થાય તેની કાળજી રાખવી. મહેનત પરિશ્રમ પર જ તમારી સફળતાનો આધાર છે.

## (૪) કર્ક રાશિ : (ડ.હ.)




વિ.સં. ૨૦૭૩ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા ત્રીજા સ્થાને રહેતાં તા. ૧૨-૦૯-૧૭થી તમાર ચોથા સુખસ્થાને આવશે. વર્ષારંભે શનિ તમારા પાંચમાસ્થાને રહેતાં તા. ૨૬-૦૧-૧૦૧૭થી તમાર છઠ્ઠા રોગ-શત્રુસ્થાને આવશે. વળી વક્રી થઈ તા. ૨૦-૦૬-૧૭થી પાછો તમાર પાંચમે આવશે. વર્ષારંભે રાહુ તમારા બીજા ધનસ્થાને અને કેતુ તમારા આઠમે રહેતાં તા. ૧૭-૦૮-૨૦૧૭થી રાહુ તમારી રશિમાં અને કેતુ તમારા સાતમા સ્થાને આવશે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા ત્રીજા પરાક્રમ સ્થાને રહે છે. જે અહીં મિશ્રફળદાયી ગણાય. ભાઈ-ભાંડુ સાથે વૈચારિક મતભેદો રહે. પ્રગતિની અનેક તકો હોવા છતાં તમે તેનો લાભ ન લઈ શકો. ભાઈ ભાંડુના જીવનમાં શુભ માંગલિક કાર્યો થાય. તમારો પુરુષાર્થ અને તમારી આકાંક્ષા વચ્ચે સુમેળ નહીં હોય. જન્મના ગ્રહો સાથ નહીં હોય તો આશા નિરાશા જેવા તડકા છાયાનો મિશ્ર અનુભવ થાય. તમે તમારી સેવાભાવી વિચારસરણીને ધ્યેય બનાવી કાર્ય કરશો. નોકરિયાત વર્ગને પ્રગતિના અનેક ચાન્સ આવે. પારિવારિક ઘટનાઓ દ્વારા તમારી પ્રતિષ્ઠામાં વધારો થાય. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો આર્થિક નુકસાનના યોગ બને. તમે જીવનના વહેણને બદલવાના નિરર્થક પ્રયાસો કરશો. સાહસિક કાર્યો દ્વારા સફળતા સારી મળે.


તા. ૧૨-૦૯-૨૦૧૭થી ગુરુ તમારા ચોથા સુખસ્થાને આવશે. જે તમને પુરુષાર્થ અને પ્રારબ્ધના નવા વર્તુળની તૈયારી કરાવશે. અંગત સુખ સાહ્યબી માટેની તમારી કલ્પનાને સાકાર થતી જોશો. તમે કર્મની માયાજાળમાં પૂરેપૂરા બંધાઈ જશો. 'સુખ' શબ્દના સંદર્ભમાં ઘણું બધુ મેળવી તમે બર્હિમુખી બનશો. તમારો આત્મવિશ્વાસ દૃઢ બનશે. માતાને તકલીફો રહે. તમારું કર્મ પ્રત્યેનું મનોબળ મજબૂત બને. પારિવારિક આવકમાં વધારો થાય. છતાં બચતમાં વધારો ન થાય. અહંકારથી મુકત રહી શકશો તો નિરાશાનો અનુભવ ઓછો થાય. આર્થિક પ્રાપ્તિના આયોજનમાં સફળ થતાં જણાવ.

વર્ષારંભે શનિ તમારા પાંચમા સ્થાને રહે છે. સંતાન અંગેની નાની મોટી તકલીફો રાખે. તમારી સંજોગો સામે લડવાની શકિત ઓછી થતી જણાય. આર્થિક પ્રગતિ મંદ પડતી જણાય. પેટ આંતરડા સંબંધી નાની મોટી તકલીફો રહે. સટ્ટાકીય કાર્યોમાં મોટા નુકસાનના યોગ બને ખંત અને બુદ્ધિથી કાર્યો કરશો તો સારી સફળતા મેળવશો. તમારી બુદ્ધિમાં ભ્રમ પેદા થાય. વધુ પડતાં આશાવાદી બનવું યોગ્ય નથી. કર્મની નિષ્ફળતા તમને અહીં ઘણું શીખવી જશે. પોતાના અને પારકાના ભેદને દૂર કરી શકશો. સંતાન સાથે વિચારોમાં અલગતા રહે. મોટા સંતાન સાથે મનદુ:ખના પ્રસંગો બને.

તા. ૨૬-૦૧-૨૦૧૭ થી તમારા છઠ્ઠા રોગ-શત્રુ સ્થાને આવશે. અહીં શનિ અનુકૂળ હોવા છતાં આંતરિક-માનસિક અશાંતિ રહે. આર્થિક પ્રગતિ મંદ છતાં સારી થાય. અંગત વ્યકિત દ્વારા વિશ્વાસઘાતના યોગ બને. મોસાળ પક્ષને લગતી કંઈને કંઈ તકલીફો રહે. ખોટા મોહમાં ફસાઈ અનેક તકલીફોનો સામનો કરશો. પારિવારિક જવાબદારી પૂરી કરવા તમારે જાગ્રત રહેવું પડશે. અહીં ઘણું મળવા છતાં તમને અપૂર્ણતાનો અનુભવ થાય. આવશ્યક એવા નાણાં મેળવી શકશો. ભાઈ ભાંડુ સાથે મનદુ:ખના પ્રસંગો બને. ધંધા-વ્યવસાયિક મુસાફરી તકલીફ કર્તા નિવડે. અંગત તેમજ કૌટુંબિક જવાબદારી બાબતે માનહાનીનો અનુભવ કરશો. આરોગ્ય બાબતે કાળજી રાખવી. પારિવારિક ચિંતા રહે.

તા. ૨૦-૦૬-૨૦૧૭થી શનિ વક્રીથી તમારા પાંચમા સ્થાને આવશે. જે સંતાન બાબતની ચિંતા રહે. નાની-મોટી તકલીફો રહે. મંદ પાચનશકિતને લગતી તકલીફો રહે. તમારી ઈચ્છા વિરુદ્ધના કાર્યો તમે નિહાળશો. તમારી બુદ્ધિમાં ભ્રમ પેદા થાય. છતાં તમારા આત્મવિશ્વાસમાં વધારો થાય. સાહસિક કાર્યો સારા થવા છતાં યોગ્ય લાભ ન મેળવી શકો. સંપૂર્ણ આશાવાદી ન બનવું. સંતાન બાબતે અસંતોષ રહે. અનેક પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો પડે. કાનૂનીકાર્યોમાં સંભાળવું. નુકસાનમાંથી બચવાના તમારા પ્રયત્નો નિષ્ફળ જતાં જણાય.

વર્ષારંભે રાહુ તમારા બીજા ધનસ્થાને રહે છે. જે અનુકૂળ નથી. પારિવારિક સંપત્તિના પ્રશ્ને અવરોધો આવે. પરિવારના સભ્યો મહત્વાકાંક્ષી બને. પરિવારના સભ્યોનું આર્થિક બેલેન્સ ઓછું થતું જણાય. સતત કર્મવાદી બનવું જરૂરી બને. પરિવારના સભ્યો સાથે મનદુ:ખના પ્રસંગો બને. તમારા સ્વભાવમાં કઠોરતા ઉમેરાશે. તમારી વાણીની કઠોરતા ઘણા સંબંધો બગાડશે.











કડવા પાટીદાર સમાજ
શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, સેકટર-૧૨, ગાંધીનગર

નૂતન વર્ષાભિનંદન

"આપ સૌનું નવું વર્ષ ફળદાયી, પ્રગતિકારક અને સુખમય નિવડે તેવી કુળદેવી પરમ કૃપાળુ માં ઉમિયાજીને પ્રાર્થના સાથે."

શુભેચ્છક

| નામ | હોદ્દો |
|---|---|
| ભરતભાઈ બળદેવભાઈ પટેલ (માણસા) | પ્રમુખ |
| મનુભાઈ બાલચંદભાઈ પટેલ (રાયસણ) | ઉપપ્રમુખ |
| ભોળાભાઈ ઈશ્વરભાઈ પટેલ (આંકવી) | મહામંત્રી |
| દિલીપભાઈ સોમાભાઈ પટેલ (ઊંઝા) | સહમંત્રી |
| મહેન્દ્રભાઈ અંબાલાલ પટેલ (પડુસ્મા) | સહમંત્રી |
| ગણેશભાઈ શંકરભાઈ પટેલ (ઐઠોર) | ખજાનચી |
| ડાયાલાલ વ્રજદાસ વાછાણી (જૂનાગઢ) | આંતરિક ઓડિટર |
| બળદેવભાઈ બી. પટેલ (કોઠા) (કેનેડા) | ચેરમેન, સમાજ ભવન કમિટિ |
| હસમુખભાઈ જી. પટેલ (ઝાલાસર) | ચેરમેન, ટેમ્પલ કમિટિ |
| શીવાભાઈ જેઠાભાઈ પટેલ (કહોડા) | ચેરમેન, શિક્ષણ કમિટિ |

દેવદિવાળી સુધીમાં SSC - 80%, HSC-75%, ડિપ્લોમાં અને ગ્રેજ્યુએટ-૬૦% પોસ્ટ ગ્રેજ્યુએટ - ૫૫%, ડોક્ટર ૫૦%, રમત-ગમત, વિશિષ્ટ પ્રતિભાશાળી ઉમેદવારોએ સભ્ય નંબર સાથે માર્કશીટ ઝેરોક્ષ મોકલી આપવા વિનંતી.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, ગાંધીનગર

નૂતન વર્ષાભિનંદન

વંચિતોને અગઠાકણ, ઉઘાડપગા લોકોની ચરણસેવા, પક્ષી પરબ અને સ્વજનોના અસ્થિ વિસર્જન સહિત માર્ગ સલામતિ સાથે વિવિધ સેવા સેતુ દ્વારા રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપનાર માત્ર એક સંસ્થા

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ, ગાંધીનગર

નગરજનોને નૂતનવર્ષની શુભેચ્છાઓ, શુભકામનાઓ સાથે, સાથે મળી નગરના પ્રાણપ્રશ્નોને વાચા આપી સમગ્ર વર્ષની આનંદમય બનાવીએ...

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ
અને વસાહત મંડળો

